## જુનાગઢના મહે.ત્રીજા એડી. ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટ,
## કેમ્પ એટ માંગરોળ, મુ.માંગરોળ.

ફોજદારી કેસ નં.૭૯૮/૨૦૨૫
આંક :

ફરીયાદી :– સ ર કા ર
(માંગરોળ મરીન પો.સ્ટે.ગુના રજી.નં.૧૧૨૦૩૦૦૫૨૫૦૧૫૪/૨૦૨૫)

વિરુધ્ધ

આરોપી :– (૧) રોહિત નરેશભાઈ વંદુર,
(૨) કીરણભાઈ ધનજીભાઈ વંદુર,
બંને રહે.માંગરોળ બંદર વિસ્તાર,માંગરોળ,જી.જુનાગઢ.

**<u>ગુનો :– ગુજરાત મત્સ્યોધોગ (સુધારા) વટહુકમ ૨૦૨૦ ની કલમ–૭(૪) તથા ૨૧(૧)ચ મુજબ.</u>**

**–: <u>ચુકાદો</u> :–**

(૧). ફરીયાદપક્ષના કેસની હકીકત એવી છે કે, આ કામના આરોપીઓએ ચાર્જશીટમાં કોલમ નંબર–૫ની વિગતે જણાવેલ તારીખે, સમયે અને સ્થળે નવીગોદી દરીયા કીનારે બોટ (પીલાણુ) સાથે પકડાઇ જઇ અને પોતાના કબજાની હોડી/પીલાણુ ‘ભૂમિકા’ રજીસ્ટ્રેશન વગરની હોડી/પીલાણુ લઇ માછી મારી કરવા દરીયામાં જવા અંગેનું ઓનલાઇન ટોકન લીધા વગર દરીયામા લઈ જઈ લાયસન્સમાં જણાવેલ શરતોના ભંગ કરી આરોપીઓ સામે ગુજરાત મત્સ્યોધોગ(સુધારા) વટહુકમ ૨૦૨૦ ની કલમ – ૨૧(૧)ચ ની જોગવાઈ મુજબનો ગુનો દાખલ કરી આ કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરેલ છે.

(૨) આરોપીઓ જામીનમુકત થયા બાદ કોર્ટ સમક્ષ હાજર થતા આરોપીઓને પોલીસ પેપર્સની નકલો આપવામાં આવેલી છે. આરોપીઓએ પોતે ગુનો કબુલ કરવા માંગતા હોવાની પુરસીસ રજુ કરેલી છે તથા આરોપીઓની પ્લી લઈ આરોપીઓને ગુનાની હકીકતો વાંચી સંભળાવી સમજાવતા અને આરોપીઓએ તેમનો ગુનો કબુલ છે તેમ જણાવેલ છે. આરોપીઓની આ રાજીખુશીથી કરેલી કબુલાત હોય નહી માનવા માટે કોઈ કારણ નથી.જેથી આરોપીઓની કબુલાત ધ્યાને લઈ તેને સજા બાબતે પુછતા આરોપીઓ જણાવે છે કે, તેમનો આ પ્રથમ ગુનો છે. પોતાની આ પહેલી ભુલ બદલ

હળવી સજા કરવા દયાની અરજ કરેલ છે. જે તમામ સંજોગો ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરવામા આવે છે.

**-:: હુ ક મ ::-**

(૧) આ કામના આરોપી નં.(૧) રોહિત નરેશભાઈ વંદુર,(૨) કીરણભાઈ ધનજીભાઈ વંદુર, બંને રહે.માંગરોળ બંદર વિસ્તાર,માંગરોળ,જી.જુનાગઢનાઓને ક્રીમીનલ પ્રોસીઝર કોડની કલમ- ૨૫૨ (ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ- ૨૭૫ અન્વયે ગુજરાત મત્સ્યોધોગ(સુધારા) વટહુકમ ૨૦૨૦ ની કલમ – ૭(૪) તથા ૨૧(૧)ચ માં તકસીરવાન ઠરાવી દરેક આરોપીને રૂા.૫૦૦૦/- (અંકે રૂપિયા પાંચ હજાર પુરા)નો દંડ અને જો દંડ ન ભરે તો દીન- ૧૦ ની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તારીખ ૧૧ મી માહે જુલાઈ સને ૨૦૨૬ ના રોજ લોક અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળ : માંગરોળ.
તારીખ : ૧૧/૦૭/૨૦૨૬.

**(એફ.એફ.બારડોલીવાલા)**
ત્રીજા એડી.ચીફ જયુડી.મેજીસ્ટ્રેટ
જૂનાગઢ, કેમ્પ એટ માંગરોળ,
મુ.માંગરોળ.
**(GJ-01286)**

એમ.એમ. નં.............. તા............ થી
રુા............... દંડના વસુલ લીધા.

નાઝીર,
પ્રિન્સીપાલ સીવીલ કોર્ટ, માંગરોળ